# વાહકજન્ય રોગના ૧૬૯ કેસ નોંધાયા છે : આરોગ્ય મંત્રી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલ ઈન્દિરા બ્રીજ ને પહોળો કરવાની કામગીરીનો મુદ્દો આજે રાજય વિધાનસભા ગૃહમાં ચમકયો હતો.

ગાંધીનગરને જોડતો ઈન્દિરા બ્રિજ રૂ. ૩૭ કરોડના ખર્ચે પહોળો કરવામાં આવ્યો હોવાનું માર્ગ મકાન રાજય મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું. વિધાનસભામાં આજે પ્રશ્નકાળ દરમિયાન ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે પૂછેલા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રી પરમારે ઉમેર્યુ હતું કે ઈન્દિરા બ્રિજને પહોળો કરવાની કામગીરી સ્પ્ટેમ્બર ૨૦૧૨માં હાથ ધરવામાં આવી હતી. જે કામગીરી જૂન ૨૦૧૪માં પૂર્ણ કરવામાં આવી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ઈન્દિરા બ્રિજની હયાત પહોળાઈ ૧૮.૧૦ મીટર (ચાર લેન) હતી જે વધારીને ૨૮.૫૦ મીટર (છ લેન) કરવામાં આવી છે જેથી વાહન વ્યવહારમાં સરળતા રહેશે.

## બે વર્ષમાં ૮૯,૫૨૪ વાહનોની નોંધણી થતાં ૧૬૪ કરોડની આવક થઈ

**● ગાંધીનગર જિલ્લામાં ડેનગ્યુ**

માણસાના કોંગી ધારાસભ્યશ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં ડેનગ્યુ, ચિકનગુનિયા, ઝેરી મેલેરીયા અને સનસ્ટ્રોકના ૩૧-૫-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોંધાયેલા દર્દીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે વાહકજન્ય રોગના ૧૬૯ દર્દીઓ નોંધાયા છે.

શ્રી ચૌધરીના પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ડેનગ્યુના ૧૨૭, ચિકનગુનિયાના ૨૬, અને ઝેરી મેલેરિયાના ૧૬ કેસ નોંધાયા છે. સન સ્ટ્રોકનો એક પણ કેસ નોંધાયો નથી તેમજ આ રોગને કારણે એક પણ વ્યકિતનું મૃત્યુ નથી.

આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર તાલુકામાં ડેનગ્યુના ૬૫, ચિકનગુનિયાના ૧૫, ઝેરી મેલેરીયાના ૭ કેસ નોંધાયા છે. દહેગામ તાલુકામાં ડેનગ્યુના ૧૬, ચિકનગુનિયાના ૬, ઝેરી મેલેરીયાના ૪ કેસ નોંધાયા છે. કલોલમાં ડેનગ્યુના ૩૪, ચિકનગુનિયાના ૩ અને ઝેરી મેલેરીયાના ૩ કેસ નોંધાયા છે. માણસા તાલુકામાં ડેનગ્યુના ૧૨, ચિકનગુનિયાના ૨ અને ઝેરી મેલરીયાના ૨ કેસ નોંધાયા છે.

વિસ્તૃત જવાબ આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં આ રોગને કાબુમાં લેવા માટે ૨૦૧૩ના વર્ષમાં ૧૭૧૭૨૨ લોહીના નમૂનાના લક્ષ્યાંક સામે ૨૧૪૬૫૩ નમૂના લેવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૧૩માં જિલ્લાના સંવેદનશીલ વિસ્તારો જુદા તારવી હાજીપુર, રાંચરડા, ભોંયણ તથા ઉવારસદના પરા વિસ્તારની ૧૮૦૪૩ની વસ્તીમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૪માં રાંચરડા, હાજીપુર તથા વાયણાની ૮૫૦૭ વસ્તીમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાયો છે. દર મંગળવારે આશા કાર્યકર મારફત સમગ્ર જિલ્લામાં એન્ટી લાર્વેલની કામગીરી કરવામાં આવે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે કાયમી ભરાઈ રહેતા હોય તેવા પાણીના ૪૫૦ જળાશયોમાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવી છે. શાળાઓમાં પોરાશોધક સ્પર્ધા ઉપરાંત વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા પણ યોજવામાં આવી છે. આ ઉપરાંત જનજાગૃતિના પણ વિવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે જેવા કે જાહેરસ્થળો પર હોર્ડિંગ્સ, નાટક, ભવાઈ, વર્કશોપ, લઘુ શિબિર ગુરૂશિબિર જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

## ૫ કરોડના ખર્ચે ૭ નંબરના માર્ગ પર ફૂટપાથ બનશે : ૨૧૧ વાહનો ઓવરલોડ ખનીજ વહન કરતા પકડાયા : ૧૯૩૭ ચિરંજીવી યોજનાના લાભાર્થી

**● ઓવરલોડ ખનીજ વહન કરતી ટ્રીપો**

કોંગીના શ્રીમતિ કામીનીબા રાઠોડે ૩૧-૫-૧૪ની સ્થિતિએ ખનીજ વહન કરવાના ઈ-રોયલ્ટી પાસ-પાવતી આધારે ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા વાહનમાં ઓવરલોડ ખનીજ વહન કરતા પકડાયા તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વાહન વ્યવહાર મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૨૧૧ ટ્રીપો પકડવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં મોટર વાહન નિરીક્ષકશ્રી મારફતે વાહનોની તપાસ કરી વાહનોને ડિટઈન કરી પેકીંગ મેમા ઈસ્યુ કરી દંડ વસુલ કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં ૨૧૧ વાહનો પર દંડ વસુલ કરવામાં આવેલ છે.

**● ફૂટપાથ બનાવવાનો ખર્ચ**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલે ગાંધીનગર શહેર ખાતે રોડ નં. ૭ તથા ચ રોડ પર

● અનુસંધાન પાન-૭ પર



રાજયપાલનો શપથવિધિ સમારોહ - ગુજરાતના નવ નિયુક્ત રાજયપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીનો શપથવિધિ સમારોહ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયો હતો. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ભાસ્કર ભટ્ટાચાર્યએ ઓમપ્રકાશ કોહલીને ગુજરાતના રાજયપાલ પદના હોદ્દાના અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, વિધાનસભા અધ્યક્ષ વજુભાઈ વાળા, મંત્રી મંડળના સભ્યો, ધારાસભ્યો, અધિકારીઓ તથા અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા આચાર્યોની સાથે ચિંતન શિબિર

### દહેગામ તાલુકાની ૫૦ માધ્યમિક શાળાઓના આચાર્યો સાથે શિક્ષણાધિકારીની બેઠક મળી : વધારાના વર્ગોનું આયોજન કરવા પણ સૂચના

ગાંધીનગર, તા.૧૬

દહેગામ તાલુકાઓની શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા ઉપરાંત સ્વચ્છ વિદ્યાર્થી સ્વસ્થ વિદ્યાર્થીના અભિગમને વેગ આપવા તાલુકાની ૫૦ માધ્યમિક શાળાઓની ચિંતન શિબિર યોજવામાં આવી હતી. આ દરમિયાન શાળાઓમાં પરિણામની ટકાવારી ૭૫ ટકાથી ઓછી ન હોવી જોઈએ તે માટે વધારાના તાસ ગોઠવવા પણ ડી.ઈ.ઓ.એ સૂચના આપી હતી.

સરકારી શાળાઓમાં ઘટતી પરિણામની ટકાવારી શિક્ષણ વિભાગ માટે ઘેરી ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે પરિણામ સુધારણા માટે શિક્ષણ તંત્ર દ્વારા નવતર અભિગમ કેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગતિશીલ ગુજરાત અન્વયે નિર્મળ

● અનુસંધાન પાન-૭ પર

## રાજયમાં ૬ સરકારી અને ૧૩ સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો કાર્યરત

ગાંધીનગર, તા.૧૬

રાજયમાં ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ ૬ સરકારી તેમજ ૧૩ સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો એમ મળી કુલ ૧૯ મેડીકલ કોલેજો કાર્યરત છે. તેમજ બે સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમ ચાલે છે તેમ આજે વિધાનસભા ખાતે ભૂજના ધારાસભ્ય ડૉ. નિમાબેન આચાર્ય અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્યશ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી દ્વારા પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં છેલ્લા બે વર્ષમાં ત્રણ નવી મેડીકલ કોલેજોને મંજુરી આપવામાં આવી છે અને ૫૫૦ બેઠોનો વધારો થયો છે. જયારે સરકારી ફિઝીયોથેરાપી કોલેજોમાં અનુસ્નાતકની કુલ ૨૪ બેઠકો ઉપલબ્ધ છે.

# સે-૨૪માં અંધારુ ઉલેચવા સ્ટ્રીટ લાઈટના ૧૦૦ થાંભલા નંખાશે

### હરસિધ્ધનગર અને ઈન્દિરાનગરમાં લાંબા સમય બાદ અજવાળુ પથરાશે

ગાંધીનગર, તા.૧૬

સે-૨૪ના હરસિધ્ધનગર અને ઈન્દિરાનગર વિસ્તારમાં ફરી અજવાળુ પથરાશે. આ વિસ્તારમાં વર્ષોથી બંધ સ્ટ્રીટલાઈટો શરુ થશે. ત્રણ દાયકા બાદ સી.સી. રોડ બનાવવાનું કામ પણ ટૂંકમાં શરુ થવાનું છે. જયારે સ્ટ્રીટલાઈટના પોલ્સ ફીટ કરવાની કામગીરી પણ શરુ કરી દેવાઈ છે. જે અન્વયે નવા ૧૦૦ જેટલા લાઈટીંગ પોલ્સ ફીટ કરવામાં આવશે.

શહેરમાં સૌથી ગીચ અને ધમધમતા સે-૨૪માં દાયકાઓના અંતે પણ પ્રાથમિક સુવિધાઓના અભાવ વચ્ચે સ્થાનિક રહીશોએ ડગલે અને પગલે હાલાકી વેઠવી પડે છે. જેમાં રસ્તા, લાઈટ અને ગટરલાઈનનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. સે-૨૪ના હરસિધ્ધનગર અને ઈન્દિરાનગર સોસાયટીમાં ત્રણ દાયકાઓથી રસ્તાઓ અદશ્ય થઈ ગયા છે. ગીચતા વચ્ચે રસ્તા અને લાઈટની સુવિધા ન હોવાથી સ્થાનિક રહીશો માટે ગુંગળામણભરી સ્થિતિ સર્જાઈ છે. આ સ્થિતિને અનુલક્ષી આ વિસ્તારના કોર્પોરેટર સુરેશ પટેલ તેમજ પ્રવિણાબેન દરજીએ અગાઉ તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી. જેને અનુલક્ષી સે-૨૪માં ત્રણ દાયકા બાદ સી.સી. રોડનું કામ ટુંકમાં શરુ થશે. આ ઉપરાંત સ્ટ્રીટલાઈટના થાંભલા નાંખવા માટે પણ કામગીરી શરુ કરી દેવાઈ છે. જે અન્વયે સેકટરના હરસિધ્ધનગર વિસ્તારમાં ૫૦ જેટલા નવા પોલ્સ ફીટ કરી દેવાયા છે જયારે અન્ય ૧૦ થાંભલા મુકવાનું કામ પણ ચાલી રહ્યું છે. આ ઉપરાંત ઈન્દિરાનગર વિસ્તારમાં પણ સ્ટ્રીટલાઈટની સુવિધા યોગ્ય કરવા ટૂંકમાં કામ શરુ થશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ.૧૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. લાંબા સમયના અંતે સે-૨૪ના રહીશોને માળખાગત સુવિધાઓ પુરી પાડવા કામ હાથ ધરાયું છે.

# ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની ભરતી અન્વયે ૨૦મીએ ટેટ-૨ની પરીક્ષા

### જિલ્લાના ૬૬૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે : ૨૨ પરીક્ષા સ્થળો પર ઓબર્ઝવરોની ટીમ રાઉન્ડ લેશે

ગાંધીનગર, તા.૧૬

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી તા. ૨૦ જુલાઈના રોજ ટેટ-૨ની પરીક્ષા યોજવામાં આવશે. ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની ભરતીને અનુલક્ષી યોજાનારી આ પરીક્ષામાં જિલ્લાના ૬૬૦૦ ઉમેદવારો હાજરી આપશે. જિલ્લાના ૨૨ કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે.


ધો-૬ થી ૮ના ઉચ્ચ પ્રાથમિક શિક્ષણને અનુલક્ષી શિક્ષકોની ભરતી પ્રક્રીયા અન્વયે ટેટ-૨ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી તા. ૨૦ જુલાઈના રોજ સવારે ૧૧ થી ૧ કલાક દરમિયાન ટેટ-૨ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ચાર ભાષા ઉપરાંત ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન સહિતના વિષયોને અનુલક્ષી આ પરીક્ષા લેવામાં આવશે. ટેટ-૨ની પરીક્ષાને લઈ પરીક્ષા બોર્ડ તેમજ શિક્ષણ તંત્ર દ્વારા જરુરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લાના ૨૨ પરીક્ષા સ્થળો પર પરીક્ષા લક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે ઓબર્ઝવરની ટીમો પરીક્ષા કેન્દ્રો પર રાઉન્ડ લેશે. ટેટ-૨ની પરીક્ષાના અંતે રાજયની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિવિધ ભાષા વિષયો ઉપરાંત ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ભરતી થશે. જેના પરિણામે શિક્ષકોની ઘટનો પ્રશ્ન પણ હલ થશે.

'જયશ્રી અન્નપૂર્ણા માતા'
**લગ્ન વિષયક**
ગાંધીનગર સ્થિત પોતાનો વ્યવસાય ધરાવતા લેઉવા પટેલ યુવક ઉંમર-૩૩ વર્ષ, ઉંચાઈ-૫'-૩'', ધોરણ-૧૨ પાસ માટે. સર્વ જ્ઞાતિની યુવતીઓના વાલીઓનો સંપર્ક આવકાર્ય.
મો. : ૯૮૨૫૭ ૧૯૯૮૬

**ડુપ્લેક્ષ વેચવાનું છે**
પેથાપુરથી ગાંધીનગર મેઈન રોડ ઉપર, કોર્નરનું મકાન, શોપીંગ સેન્ટર નજીક, ૮ રૂમ, કેબીન, ફુલ ફર્નિચર સાથે ડુપ્લેક્ષ વેચવાનું છે. સરકારી ઈજનેરી કોલેજ નજીક
મો. ૯૭૧૪૧૦૯૧૦૮

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

॥ સર્વે માતૃભ્યો-પિતૃભ્યો દેવેભ્યો નમઃ ॥
**વીસમી પૂણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ**



સ્વ. રામજીભાઈ છનાભાઈ વાઘેલા
સ્વ. તા. ૧૭-૭-૧૯૯૪
મુ. પો. મેદરા, તા. જી. ગાંધીનગર

આપનો પિતૃવાત્સલ્યનો પ્રેમરૂપી અખંડ ધોધ અમોને હરહંમેશ યાદ રહેશે. આપે ચીંધેલા માર્ગે અમો આગળ ધપીએ તેવી અભ્યર્થના સાથે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી ગુરૂદત્તને હૃદયપૂર્વકની પ્રાર્થના....

લિ.
વિનોદભાઈ રામજીભાઈ વાઘેલા
ચંદ્રિકાબેન વિનોદભાઈ વાઘેલા
અમિતકુમાર વિનોદભાઈ વાઘેલા
તૃપ્તિબેન અમિતકુમાર વાઘેલા
કમલેશકુમાર વિનોદભાઈ વાઘેલા
રમેશ આર. કપૂર (જ્યોતિષાચાર્ય)
તથા સમસ્ત મેદરા પરિવાર
॥ શ્રી ગુરૂદેવ દત્ત ॥

વિદ્યા લાયબ્રેરી રજતજયંતિ વર્ષ નિમિત્તે યોજે છે.
CELEBRATING 25 Years
**અઢારમો ભવ્ય પુસ્તક મેળો**
તા. ૨૦,૨૧ જુલાઈ રવિ-સોમ, ૯ થી ૫
ધોરણ ૫ થી ૧૨ ના
"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/- માં"
જેમાં આપને મળશે - જુના અને નહીવત ડીફેક્ટીવ પુસ્તકો, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેક્ટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ
ભવ્ય ઓફર | ડીક્ષનરી : OXFORD - GALA | ભવ્ય ડિસ્કાઉન્ટ
ચોપડા : સ્પે. ચોપડા માત્ર ₹ 10/- 1 ડઝનના ₹ 120, 150, 180 થી વધુ
કાગળ : 1 પેકેટ ₹ 25, 30, 50, 60 | પૂરવણી (૫૦ નંગ) ₹ 80 / ₹ 150
અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો
₹ 40/- પેનબોક્સ (નંગ-૨૦) | Diploma ₹20/-, ડિગ્રી ₹50/- LL.B. સજેશન ₹20/-
તારીખ : ૨૦, ૨૧ - જુલાઈ - ૨૦૧૪
રવિ-સોમ સમય સવારે : ૯ થી સાંજે ૫
**વિદ્યા લાયબ્રેરી**
વિદ્યા શોપીંગ સેન્ટર, સેકટર-૧૬, ગાંધીનગર.
ફોન : 079- -232 29575 (M) 98250 18575, 98795 29575
ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI | BENELAVE BATH FITTINGS | DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**TET-1** ધોરણ 1 થી 5 માટે જ
ભણાવવામાં આવતા વિષયો : ● બાળ વિકાસ અને શિક્ષણ ● ગુજરાતી ● પર્યાવરણ ● ગણિત ● હિન્દી ● સંસ્કૃત ● અંગ્રેજી ● વિજ્ઞાન અને ટેકનોલોજી ● સામાજિક વિજ્ઞાન ● સામાન્ય જ્ઞાન
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max. 3 months)
ફી માત્ર ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)

| TET ધો 1 થી 5 | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 13.07.2014 | બપોરના 2-30 થી 4-30 | સોમ થી રવિ |
| ગાંધીનગર શાખા માટે | 10.07.2014 | બપોરના 12-15 થી 2-15 | સોમ થી રવિ |
| મહેસાણા શાખા માટે | 11.07.2014 | બપોરના 4-15 થી 6-15 | સોમ થી રવિ |

**TCCI EDUCATION PVT. LTD.**
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ સ્કૂલની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)
પેથાપુર શાખા 10.7.2014 (ગુરૂવાર) થી શરૂ થશે
ઓફીસ નં. 229, 230, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.
પેથાપુર શાખામાં પ્રવેશ 10.7.2014 થી શરૂ થશે
કલાર્ક / કોન્સ્ટેબલ / તલાટી : વર્ગ-3 માટે જ ખાસ
**માસ્ટર કોર્ષ-2014**
4 માસનો અભ્યાસક્રમ | ગુજરાતી / અંગ્રેજી / ગણિત / બુદ્ધિ ચાતુર્ય / સામાન્ય જ્ઞાન | સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 18.07.2014 | સાંજના 4-30 થી 6-00 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 11.07.2014 | સાંજના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 15.07.2014 | બપોરના 12-15 થી 1-45 | સોમ થી શુક્ર |

**BANK CLERK (IBPS)**
શોર્ટકટ સાથે સ્પીડ & એક્યુરસીનું શિક્ષણ | 4 માસનો અભ્યાસક્રમ
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 18.07.2014 | બપોરના 2-45 થી 4-15 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 17.07.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 21.07.2014 | સવારના 10-30 થી 12-00 | સોમ થી શુક્ર |

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com